**<u>ફોજદારી કેસ નં.૧૫૪૧૭/૨૦૨૫</u>**

## <u>અમદાવાદ (રુરલ)ના આઠમા ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં</u>

**આંક –**

ફરીયાદી : શ્રી સ ર કા ર

વિ રૂ ધ્ધ.

આરોપી : (૧) હર્ષ સ/ઓ વિજયભાઈ બળદેવભાઈ પટેલ,
(૨) હર્નીશ સ/ઓફ સતીષભાઈ પટેલ
(૩) માહીર હુસૈન સ/ઓફ સાબીર હુસૈન ફરીદમીયા શેખ

**ગુન્હો :– <u>જુગાર ધારા કલમ ૧૨ (અ) મુજબ.</u>**

(૧) ફરીયાદ પક્ષે આરોપીઓ વિરુધ્ધ જુગાર ધારા કલમ ૧૨ (અ) મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ રાખેલ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે આરોપીઓએ ચાર્જશીટમાં જણાવેલ સ્થળે અને સમયે ગંજીપાના તથા પૈસા વડે હારજીતનો જુગાર રમી રમાડતા પકડાઈ ગયેલ હોઈ હાલનું ચાર્જશીટ કરેલ છે.

(૩) આરોપીઓ આજરોજ કોર્ટમાં હાજર થતા તઓની પ્લી લેવામાં આવતાં તેમાં તેમણે ગુન્હાનો ઈકરાર કરેલો છે અને તેઓએ અલગ કબુલાત પુરશીશ રજુ કરતા નોંધી, તે વંચાણે લેતાં આરોપીઓએ સ્વૈચ્છાપૂર્વક ગુન્હાની કબુલાત કરેલ છે.

(૪) આરોપીઓની સ્વૈચ્છાપૂર્વકની ગુન્હાની કબુલાત ઘ્યાને લેતાં, તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતા આરોપીઓએ સદરહુ ગુન્હો કરેલ છે તેમ હું ઠરાવુ છું અને આરોપીઓની આર્થિક અને સામાજીક પરિસ્થિતિ ઘ્યાને લેતાં

, તેમજ આરોપીઓનો પ્રથમવાર ગુન્હો કરેલ હોય અને દયાની માંગણી કરતા હોય તે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**: હુ ક મ:**

૧) આરોપીઓને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૫૨ અન્વયે જુગાર ધારા કલમ ૧૨ (અ) મુજબના ગુન્હામાં તકસીર ઠરાવી આરોપી દીઠ રૂા.૩૦૦/- , એમ ૩ આરોપી × ૩૦૦/- = કુલ રૂા.૯૦૦/- નો દંડ અને દંડ ન ભરે તો વિકલ્પે ૧ દિવસની સાદી કેદની સજા ફરમાવું છું.

૨) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મોબાઈલ ફોન અંગે અગાઉ થયેલ વચગાળાનો હુકમ કાયમ રાખવો અન્યથા મુદ્દામાલ મોઈબાલના મુળ માલીકીની ખરાઈ કરી તેને સુપરત કરવો.

આજ તારીખ-૧૨-મી, માહે-જુલાઈ, સને-૨૦૨૫ ના રોજ નેશનલ લોક અદાલતમાં સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૨/૦૭/૨૦૨૫
સ્થળ:- નવરંગપુરા, અમદાવાદ

(ડી.એમ.બાવીશી)
આઠમા એડી.ચીફ.જયુડી.મેજી.
અમદાવાદ(ગ્રામ્ય), નવરંગપુરા
UIC NO GJ 01380